ટેકાના ભાવે ચણાના ઉત્પાદનની ૨૫ ટકા ખરીદીની મર્યાદા વધારીને ૪૦ ટકા સુધી કરવા રજૂઆત

ગાંધીનગર,તા.૦૩

ગુજરાતમાં ચણા પકવતા વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવની યોજના હેઠળ આવરી લઈ પોષણક્ષમ ભાવ પૂરા પાડવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે ચણાની ટેકાના ભાવે ખરીદી બાબતે હાલમાં રાજયના કુલ ઉત્પાદનના ૨૫%ની ખરીદીની મર્યાદા વધારીને ૪૦% સુધી કરવા ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે રૂબરૂ મળીને ચણાની ખેતી કરતા ખેડૂતોના હિતમાં રજૂઆત કરી છે.

આ મુલાકાત દરમિયાન શ્રી રાઘવજી પટેલે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી તોમરને ગુજરાતના કૃષિ વિકાસમાં કેન્દ્ર સરકારના નિરંતર સહયોગ તથા કેન્દ્ર સરકાર સહાયિત રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના થકી રાજ્યની માળખાગત સુવિધાઓમાં વધારો થવા બદલ ગુજરાત સરકાર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ગુજરાતના વધુને વધુ ખેડૂતોને લાભ મળી રહે, કૃષિ સંલગ્ન માળખાકીય સુવિધાઓ ઊભી થાય તેમજ ખેડૂતની આવક વધે તે હેતુસર આગામી વર્ષે વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે તે અંગે કૃષિ મંત્રીશ્રી પટેલે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીને અપીલ કરી હતી.

કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતે રાસાયણીક અને ઉર્વરક મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની પણ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ દરમિયાન કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જરૂરીયાત મુજબ પુરતા જથ્થામાં ખાતરની ફાળવણી કરાવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

વધુમાં કચ્છ જિલ્લામાં ખાતરની તંગી ન વર્તાય તે માટે લોજિસ્ટિક સંબંધિત ખાસ વ્યવસ્થા ઉભી થાય તે માટે પણ રજૂઆત કરી હતી. આ ઉપરાંત રાજ્યમાંસબસીડાઈઝ યુરીયા ખાતરનાં ડાયવર્ઝન રોકવા ગુજરાત સરકાર દ્વારા લીધેલ પગલાં અંગે કેન્દ્રીય મંત્રીશ્રી માંડવીયાને માહિતગાર કરીને તે અટકાવવા માટે હાલની ખાતર વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા અંગે કેટલાક જરૂરી સૂચનોની આપ-લે કરી.

કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતેની તેમની આ મુલાકાત ગુજરાતના ખેડૂતો માટે ખુબ જ ફળદાયી નિવડશે તેવી આશા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીનો રાજ્યના નાગરિકોની સુવિધા માટે મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર,તા.૦૩

ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અન ઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૨૨ અન્વયેની અરજીઓ હવે ઓફલાઈન પણ સ્વીકારાશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં અનઅધિકૃત બાંધકામ યોગ્ય ફી- દસ્તાવેજો સાથે નિયમિત કરી આપવા માટેના ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અન ઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૨૨ હેઠળ લેવાની થતી અરજીઓ હવે તાત્કાલિક અસરથી ઓનલાઈન અથવા ઓફલાઈન માધ્યમથી સંબંધિત કચેરીઓમાં સ્વીકારવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આવી અરજીઓ ઓફલાઈન પણ સ્વીકારવા માટેની નાગરિકોની મળેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા શ્રી ભૂપેન્દ્ર પટેલે આ જનહિતલક્ષી નિર્ણય કર્યો છે.

હાઈકોર્ટે દેવાયત ખવડની રેગ્યુલર જામીન અરજી ફગાવી

હુમલો કરવા મામલે જેલમાં બંધ લોક સાહિત્યકાર દેવાયત ખવડની મુશ્કેલીમાં વધારો

રાજકોટ,તા.૩

મયૂરસિંહ રાણા પર હુમલાના કેસમાં સંડોવાયેલ લોકસાહિત્યકાર દેવાયત ખવડની મુશ્કેલીમાં વધારો થયો છે. હાઈકોર્ટે દેવાયત ખવડની રેગ્યુલર જામીન અરજી ફગાવી છે. ચાર્જશીટ ફાઈલ થયા બાદ આરોપી જામીન અરજી કરી શકશે. મહત્વનું છે કે, આ પહેલા લોક સાહિત્યકાર દેવાયત ખવડે રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેને કોર્ટ દ્વારા ફગાવવામાં આવતા દેવાયત ખવડે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. રાજકોટમાં દેવાયત ખવડ અને તેના સાથીઓ દ્વારા ૭ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ મયૂરસિંહ રાણા નામના યુવક પર હુમલો કરાયો હતો. આ મામલે એ-ડિવિઝન પોલીસ સ્ટેશને દેવાયત ખવડ અને તેનાં સાથીદારો સામે ગુનો નોંધાયો હતો. જેમાં ૧૦ દિવસ ફરાર રહ્યા બાદ દેવાયત ખવડે પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું હતું. જે બાદ દેવાયત ખવડના બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ૧૯મી ડિસેમ્બરે ખવડ સહિત ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં પોલીસે વધુ રિમાન્ડની માંગણી નહીં કરતાં ત્રણેય આરોપીઓને જેલ હવાલે કરાયા હતા. જે બાદ એ ડિવિઝન પોલીસે કાવતરાની કલમ ઉમેરવા કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં કાવતરું રચીને દેવાયત ખવડ અને તેના સાથીઓએ મયુરસિંહ પર હુમલો કર્યાનો ઉલ્લેખ કરાયો હતો. આ કેસની તપાસ દરમિયાન પોલીસને મયુરસિંહની ઓફિસ પાસે રેકી કર્યાના CCTV ફૂટેજ મળી આવ્યા હતા.

હારીજના દુનાવાડામાં ફાયરિંગ, ત્રણ યુવકમાંથી બેની હાલત ગંભીર

પાટણ,તા.૩

પાટણ જિલ્લાના હારીજના દુનાવાડામાં ફાયરિંગની ઘટના સામે આવી છે. હારીજના દુનાવાડામાં એક શખ્સે ધડાધડ અંદાજે ૫-૬ રાઉન્ડ ફાયરિંગ કર્યુ છે. પ્રાપ્ત વિગતો અનુસાર કોઈ અદાવતમાં ફાયરિંગ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. ફાયરિંગની ઘટનામાં ૩ યુવકોને ઈજા પહોંચી છે. દુનાવાડામાં એક શખ્સે પાંચ રાઉડ ફાયરિંગ કર્યું છે જે ફાયરિંગમાં ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી જેમાંથી બેને ગંભીર ઈજા પહોંચી હોવાનું પણ જાણવા મળ્યું છે. કોઈ અદાવતના પગલે ફાયરિંગ થયોનું જાણવા મળ્યું છે.

૫ રાઉન્ડ ફાયરિંગ થતાં હડકંપ મચ્યો : ફાયરિંગ કરી ફરાર થનારને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે

પટ્ટણી વિજય, સુથાર શિવાભાઈ, પટ્ટણી સોનાજી નામના ત્રણ વ્યક્તિઓને શરીરના વિવિધ ભાગમાં ગોળી વાગતા ઈજાઓ પહોંચી છે, જે ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. જેમાં સુથાર શિવાભાઈને છાતીના ભાગે ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે તેમજ પટ્ટણી સોનાજીને માથાના ભાગે ગોળી વાગી છે અને પટ્ટણી વિજય નામના વ્યક્તિને કાનના ભાગે ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે.

દુનાવાડામાં ફાયરિંગની ઘટના બાદ ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેને લઈ પોલીસ કોફલો ખડકવામાં આવ્યો છે. તેમજ ફાયરિંગ કરી ફરાર થનારને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ફાયરિંગની ઘટનાથી ગામમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે

સીએ ફાઉન્ડેશનનું અમદાવાદનું ૩૭.૯૦ ટકા પરિણામ આવ્યું

અમદાવાદ, તા.૩

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા ડિસેમ્બર, ૨૦૨૨માં લેવાયેલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા હતાં. આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચનાં ચેરપર્સન સીએ બિશન શાહે સીએ ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામોમાં અમદાવાદ કેન્દ્ર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૩૬૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૩૭.૯૦ની ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૧,૨૬,૦૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૬,૮૬૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૨૯.૨૫ની ટકાવારી સુચવે છે. ગયા વર્ષે અમદાવાદ કેન્દ્રનું પરિણામ ૩૩.૬૦ ટકા હતું જે આ વર્ષે નોંધપાત્ર રીતે વધ્યું છે અને અમદાવાદ કેન્દ્રનો દેખાવ પણ ઉત્કૃષ્ટ રહ્યો છે. આ પરિણામો દર્શાવે છે કે કોવિડ પછીના સમયગાળામાં વિદ્યાર્થીઓ વધુ સારી રીતે અભ્યાસ કરીને સફળતા મેળવી શક્યા છે.

ગૂજરાત સંગીત નાટ્ય અકાદમી અને વરેણ્યંમ્ ફાઉન્ડેશન દ્વારા

રાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ યુવા કલાકારોનો સુગમ સંગીત કાર્યક્રમનું આયોજન

માતૃભાષાનાં ગીતોને પ્રોત્સાહન અને યોગ્ય મંચ આપવાના ઉદેશ્યથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી પ્રસિદ્ધ સંસ્થા વરેણ્યંમ્ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સુગમ સંગીતનાં કાર્યક્રમનું જાહેર આયોજન કરવામાં આવેલ છે.

મુંબઈથી પધારેલ પ્રસિદ્ધ સુગમ સંગીત ગાયક, ગુજરાતી અને હિન્દી ફિલ્મોનાં સંગીતકાર શ્રી આલાપ દેસાઈ સાથે અમદાવાદનાં વિશ્વ પ્રસિદ્ધ ગાયક, સ્વરકાર શ્રી પ્રહર વોરા અને કૂ. ગાર્ગી વોરા ગુજરાતી ગીત અને ગઝલની પ્રસ્તુતિ કરશે. મંચ સંચાલન વિદ્વાન લેખિકા, પ્રાધ્યાપિકા અને રેડિયો આર્ટિસ્ટ માર્ગી હાથી સંભાળશે. સમગ્ર કાર્યક્રમનું સંકલન જીગર રાણા દ્વારા કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ તા. ૦૬/૦૨/૨૦૨૩, સોમવારનાં રોજ સાંજે ૮.૦૦ કલાકથી ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે યોજાશે. જે જાહેર જનતા માટે વહેલા તે પહેલાનાં ધોરણે નિશુલ્ક રહેશે. આ કાર્યક્રમમાં સર્વને જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

કાર્યક્રમમાં આગોતરી વ્યવસ્થા માટે ૯૬૪૮૬ ૯૬૫૮૬ પર વોટ્સેપથી જાણ કરી શકાશે અને બેઠક મેળવી શકાશે.

અમદાવાદના 'બાપનો બગીચો' કેફેમાં અસામાજિક તત્વો દ્વારા ભારે આતંક

અમદાવાદ,તા.૩

શહેરના એસ.પી. રીંગ રોડ પર મોડી રાત સુધી ધમધમી રહેલા કાફે જાણે કે સામાજિક તત્વોનો અડ્ડો બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. એસપી રીંગ રોડ શીલજ સર્કલ નજીક આવેલા બાપનો બગીચો કેફેમાં ગત મોડી રાત્રે ફાયરિંગની ઘટના બની હતી. રાત્રિના લગભગ બે વાગ્યાની આસપાસ કેટલાક યુવકો ગાડી લઈને આવ્યા હતા અને પાર્કિંગમાં સિક્યોરિટી સાથે બોલાચાલી કરતા સમગ્ર ઘટનાની જાણ કેફે માલિકને થઈ હતી. તેથી કેફે માલિક પણ ત્યાં પહોંચ્યા હતા ત્યારે આ યુવકોએ તેમની સાથે બોલાચાલી કરી હતી અને મારામારી કરી હતી.

આ ઘટના વખતે કેફેમાં હાજર ગ્રાહકો વચ્ચે પડતા યુવકો ભાગી ગયા હતા અને ત્યારબાદ વહેલી સવારે ચારેક વાગતા કેફે બંધ કરીને માલિક ઘરે જવા નીકળ્યા ત્યારે અચાનક બે ફોર્ચ્યુનર કારમાં ૧૦થી વધુ શખ્સો આવ્યા હતા. તેમણે કારથી કેફેનો દરવાજો તોડી નાંખ્યો અને પછી લાકડી-બેઝબોલ સ્ટિક લઈને અંદર ઘૂસ્યા હતા અને કેફેના કર્મચારીઓને માર મારવા લાગ્યા હતા. આ સાથે જ કેફેમાં રહેલી વસ્તુઓમાં તોડફોડ કરી હતી.

આ ઘટનામાં મુખ્ય આરોપી વિશ્વનાથ રઘુવંશીએ એક રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતુ અને અન્ય એક આરોપીએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતુ. એટલું જ નહીં, કેફેમાં તોડફોડ કર્યા બાદ આરોપીઓએ સ્ટોરમાં આગ પણ લગાડી હતી.

પોલીસને આ ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી હતી અને મુખ્ય આરોપી સહિત કેટલાક અન્ય લોકોને ઝડપી પાડ્યા હતા. હાલમાં પોલીસે આ મામલે બંને પક્ષની ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી વિશ્વનાથના પિતા સિક્યોરિટી ગાર્ડ હોવાથી તેમના હથિયાર વડે તેણે ફાયરિંગ કર્યું હતું. જો કે, અન્ય હથિયાર ક્યાંથી અને કોણ લાવ્યું હતું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

જાન્યુઆરીમાં વ્યાજખોરો સામે રાજ્યમાં ૮૪૭ એફઆઈઆર

ગાંધીનગર, તા.૩

ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજ દરે રૂપિયાનુ ધિરાણ કરી સામાન્ય નાગરિકો પાસેથી સિક્યુરીટી પેટે લખાવી લીધેલી મિલકતો પચાવી પાડવાની તેમજ ધાક ધમકી આપી લોકો પાસેથી વ્યાજની ઊઘરાણી કરી ગેરકાયદેસર વ્યાજે નાણા ધીરધારનો વ્યવસાય કરનાર વ્યાજખોરો વિરુધ્ધ સખતમાં સખત પગલા લેવા અને ભોગ બનનારાઓને વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. ગેરકાયદેસર રીતે વ્યાજે રૂપિયા આપી સામાન્ય નાગરિકોની પાસેથી મસમોટુ વ્યાજ ખંખેરતા વ્યાજખોરો વિરૂધ્ધ ગૃહ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્યભરમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ઠેર ઠેર લોક દરબાર યોજ્યા હતા અને વ્યાજખોરો દ્વારા કરવામાં આવતી હેરાનગતી અંગેની સામાન્ય નાગરિકોની આપવિતી ખુબ જ સંવેદના સાથે સાંભળી ફરિયાદો આધારે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા તા.૦૫ થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન સમગ્ર રાજ્યમાં નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અન્વયે કુલ ૮૪૭ એફ. આઈ. આર દાખલ કરી ૧૪૮૧ આરોપીઓની સામે ગુના દાખલ કર્યા છે. તે પૈકી ૧૦૩૯ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. એટલુ જ નહિ, માથાભારે વ્યાજખોરો સામે ૨૭ પાસાની દરખાસ્ત કરવામાં આવી છે.આ ડ્રાઈવ દરમિયાન પોલીસ દ્વારા કુલ ૨૩૮૯ લોકદરબાર યોજવામાં આવ્યા છે. લોક દરબારમાં કુલ ૧૪,૬૧૯ પોલીસ અધિકારી/કર્મચારીઓ તેમજ કુલ ૧,૨૯,૪૮૮ વ્યક્તિઓ પ્રત્યક્ષ સહભાગી થયા હતા.

આ ઝુંબેશમાં પોલીસ કમિશ્નરો, રેન્જ આઈજીપી, પોલીસ અધિક્ષકો, નાયબ પોલીસ અધિક્ષકો તથા તમામ રેંકના અધિકારીઓ દ્વારા લોકદરબારમાં હાજર રહી લોકોને વ્યાજખોરો વિરૂદ્ધ ફરીયાદ કરવાની હિમંત આપી તેમજ લોકદરબારના સ્થળ ઉપર વ્યાજખોરીથી પિડીત લોકોની અરજીઓ/રજુઆતો સાંભળી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. વ્યાજખોરો વિરૂધ્ધમાં ગુજરાત પોલીસ દ્વારા નવતર અભિગમ અપનાવી, રાજ્યમાં ફક્ત આંકડા દર્શાવવા નહી પરંતુ ખરેખર કામગીરી થાય, પોલીસ અધિકારીઓ લોકોની વચ્ચે જઈ સમજ આપે અને સામૂહિક લોકજાગૃતિ આવે, હિંમત આવે તે માટે કાર્યવાહી કરી છે. આરોપીઓ પાસેથી ભોગ બનનારને વસ્તુઓ પરત મળે તેવી કામગીરીઓ થઈ છે.

બીલીમોરામાં મોડી રાત્રે આઈસ ફેક્ટરીમાંથી ગેસ લીક થઈને રહેણાંક વિસ્તારોમાં પ્રસર્યો

નવસારી, તા.૩

ગણદેવી તાલુકાના બીલીમોરામાં ગેસ લીકેજની ઘટના બની છે. એમોનિયા ગેસ લીકેજ થવાથી ૪૦થી વધારે લોકોને અસર થઈ છે. આ ઘટનામાં એક વ્યક્તિને ગેસ લીકેજ બાદ શ્વાસ લેવામાં તકલીફ પડતા સારવાર માટે ખસેડવામાં આવી છે. બીલીમોરા ફાયર વિભાગને આ બનાવ અંગે જાણ કરવામાં આવતા ટીમ ઘટના સ્થળ પર પહોંચીને કાર્યવાહી હાથ ધરી છે. બીલીમોરા શહેરના સરદાર માર્કેટ પાસે આવેલી આઈસ ફેક્ટરીમાં ગેસ લીકેજની ઘટના બની છે.

હરસિદ્ધિ આઈસ ફેક્ટરીમાં ગેસ લીકેજની ઘટના થતા તેની ૪૦થી વધુ લોકોને અસર થઈ હતી. ફાયર બ્રિગેડ દ્વારા આ ઘટના પર કાર્યવાહી કરીને ભારે જહેમત બાદ સ્થિતિને કાબૂમાં લઈ લીધી છે. આઈસ ફેક્ટરીમાં એમોનિયા ગેસનો ઉપયોગ કરવામાં આવતો હતો અને આ દરમિયાન ગેસની પાઈપ લાઈનમાં ભંગાણ પડવાના કારણે લીકેજનો બનાવ બન્યો હતો. આઈસ ફેક્ટરી રહેણાક વિસ્તારની નજીકમાં આવેલી હોવાથી તેની ૪૦થી વધુ લોકોને અસર થઈ હતી. આ ઘટનાને કારણે અચાનક લોકોને કંઈક નવાજૂની થઈ હોવાનો અહેસાસ થતા નાસભાગ મચી જવા પામી હતી.

આઈસ ફેક્ટરીમાંથી એમોનિયા ગેસ લીકેજ થતા તેની અસર આસપાસમાં આવેલા ઘરો સુધી થઈ હતી. ગુરુવારે રાત્રે ૧ વાગ્યાના અરસામાં ગેસ લીકેજની ઘટના બની હતી, લોકોને શ્વાસ લેવામાં તકલીફ થતા ઘટનાની જાણ થઈ હતી. આ પછી ફાયર બ્રિગેડ, પોલીસ સહિત આરોગ્ય વિભાગની અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમો ઘટના સ્થળ પર પહોંચી હતી અને જરુરી કાર્યવાહી કરીને ગેસ લીકેજને એટકાવીને જરુરી પગલા ભર્યા હતા.

ગેસ લીકેજની ઘટનામાં અસરગ્રસ્ત થયેલા લોકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી, જોકે, એક વ્યક્તિને શ્વાસ લેવામાં વધારે તકલીફ પડતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની જરુરી પડી હતી. બનાવ બાદ ટીમો દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

સંવેદનનું સ્ટેટસ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

મળે એવો માહોલ હતો..અત્યારે તો વઢિયાર પંથકમાં નવસર્જકો ધોધમાર મળે છે..કવિ સંમેલનો થાય છે..મેળાવડા થાય છે..ઉપનામો અને તખલ્લુસોની સજાવટ થાય છે. કવિ છું એમ હોંશભેર કહેનારા અનેક મળી જાય છે..!બદલાવ છે જબરજસ્ત ..નગર પણ વિસ્તર્યું છે..વાહનો વધ્યાં છે..આધુનિક બસ સ્ટેશન હવે નગર વચાળે લાગે છે..

વતનથી આપણે વિખૂટા પડીએ છીએ એ આપણી નિયતિ હોય છે..માનો ખોળો પણ એકવખત મુકયા પછી ધરતીના ખોળે એવી નિરાંત શોધવી એ જ તેરી મેરી કહાની હોય છે..! આપણી મુગ્ધાવસ્થા સાથે વણાયેલું ગામ નગર કે શહેર એમ જલદી છૂટતું નથી..એનો પણ એક મોહપાશ હોય છે..સમયના અંતરે એને જુદા જુદા મુકામ ઉપર જોતા રહેવામાં પણ એક મજા મિશ્રિત દર્દ હોય છે..!

મને ઘણા મિત્રો કહે છે કે કામલપુર કે રાધનપુર એ તમારૂં ઓબ્સેશન છે.એ સાચું પણ હશે..ગમે તેટલી વખત નીરખીએ આપણી ભૂમિને સ્પર્શવાનો રોમાંચ એકધારો હોય છે...આ ધુળની ઘેલછા એ જ મારી હયાતી છે..એ જ મારી કવિતાની કંડિકા છે..મારા શબ્દોની ગંગોત્રી છે..હું શોધું છું એ પદચિન્હોને..એ મનેખને..ફંફોસું છું એ ફરફરતી ગરમ હવાને..ખુલ્લા આકાશને..મારા જ અજવાસને...!

(rrthakkar2@gmail.com)

માર્ગદર્શન માગ્યું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ સમયના અંતે નીતિ સ્પષ્ટ થઈ નથી જયારે કોઈ નિર્ણય ન લેવાતા કોર્પોરેશન કક્ષાએથી સમયાંતરે વેરાની ઉઘરાણી કરવામાં આવી રહી છે લેણાંની અંદાજિત રકમ ૫ કરોડ આસપાસ થવા જાય છે આવા સંજોગોમાં કોર્પોરેશનને પણ મોટી આવક થાય તેમ છે આ મુદ્દે નગરના તમામ સરકારી બિલ્ડીંગ ને ધ્યાને લેવામાં આવે તો આંકડો ૪૫ કરોડની આસપાસ પોહચે તેમ છે . આ સ્થિતિ વચ્ચે નગરના સરકારી આવાસોનો વેરો ચૂકવવા ના મામલે તંત્ર કક્ષાએથી ફરી સરકારનું માર્ગદર્શન મેળવવવા માટે પત્ર રજુ કરાયો છે.

દૂષિત પાણી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેક સમસ્યાઓ ઉદભવે છે. બીજીતરફ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠતી રહેતા તંત્રએ સતત દોડતા રહેવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ નગરના સે- ૩ બી માં રહેણાંક વિસ્તારમાં પણ ગટરો ઉભરાવાનો પ્રશ્ન પેચીદો બન્યો છે. સે- ૩ બી માં પ્લોટ નં -૨૮૯ : ૧ પાસે ગટરનુ ગંદુ પાણી ઉભરાય છે. ઘરની બહાર સ્થિત કુંડીમાં રોજબરોજ દુષિત પાણીનો ભરાવો થાય છે. જેના લીધે અસહ્ય દુર્ગંધયુકત માહોલમાં સ્થાનિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે.

આ મામલે અગાઉ પણ સ્થાનિક નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જેના અંતે સ્થળ પર કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે આ દરમિયાન ફરિયાદનો નિકાલ પણ કરવામાં આવ્યો હતો પરંતુ વારંવાર આ સમસ્યા ઉદભવતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. આ સમસ્યાનો કાયમી નિકાલ આવે તે માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. રહેણાંક વિસ્તારમાં રોજબરોજ આ પ્રશ્ન ઉદભવતા રહીશો હવે તંત્ર સમક્ષ આ જટીલ સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી માંગણી પણ કરી રહ્યા છે.

રોકાણ મર્યાદિત ● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને ઉઠી રહેલા સવાલોનો પણ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, હું જણાવવા ઈચ્છીશ કે એસબીઆઈ અને એલઆઈસી બંનેએ સંબંધિત સીએમડીને પોતાની વિસ્તૃત જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, ભારતીય બેંક આજે એનપીએના બોજને ઓછો કરવામાં સફળ રહી છે અને એક મજબૂત સ્થિતિમાં છે.

નાણા મંત્રીએ કહ્યું કે, એસબીઆઈ અને એલઆઈસી તરફથી જાણકારી આપવામાં આવી છે. બંનેએ સ્પષ્ટ કર્યું છે કે, તે ઓવરએક્સપોઝ્ડ નથી.

બંને તરફથી આ અંગે જાણકારી જાહેર કરાઈ છે કે તેમનું એક્સપોઝર અદાણી ગ્રુપના શેર્સમાં લિમીટમાં છે. તેના વેલ્યુએશનમાં ઘટાડા છતાં પણ તે હજુ પ્રોફિટમાં છે. તેમણે કહ્યું કે, હાલમાં ભારતીય બેંકિંગ સિસ્ટમ એનપીએના ભારને ઓછો કરી ચૂકી છે. એનપીએ અને વસૂલાતની સ્થિતિ સારી છે.

ડાઉજોન્સ ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગે માહિતી માંગી છે. તે જ સમયે, અદાણી ગ્રૂપે રૂ. ૨૦,૦૦૦ કરોડના સંપૂર્ણ સબ્સ્ક્રાઈબ્ડ એફપીઓ રદ કરવાની અને રોકાણકારોને નાણાં પરત કરવાની વાત કરી છે. હવે અમેરિકન શેરબજારને પણ ઝટકો લાગ્યો છે.

સંભાવના ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, જેના કારણે હિમાલયના ક્ષેત્રમાં, ખાસ કરીને જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં આગામી બે દિવસમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર અન્ય સ્થળોએ પણ જોવા મળશે. આને કારણે, આગામી ૨ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે અને ત્યારબાદ કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. આ સ્થિતિ બે ચાર દિવસ સુધી રહેશે. સપ્તાહના મોટાભાગના દિવસોમાં દેશના બાકીના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી.

રાજકોટ શહેરના યુવાનનું આફ્રિકામાં અપહરણ થયુ

રાજકોટ પોલીસે કીડનેપર્સનો ખેલ બગાડ્યો : આફ્રિકન કીડનેપર્સે યુવાનના પિતાને દોઢ કરોડની માંગ કરતા યુવાનના પિતાએ પોલીસ કાઇમ બ્રાન્યના દ્વાર ખખડાવ્યા

રાજકોટ ,તા.૩

રાજકોટ શહેરના યુવાનનું આફ્રિકામાં અપહરણ થયું છે. જે બાદ આફ્રિકન કીડનેપર્સે યુવાનના પિતાને ખંડણી માટે ફોન કર્યો હતો. રૂપિયા દોઢ કરોડની માંગ કરતા યુવાનના પિતાએ રાજકોટ પોલીસ કાઇમ બ્રાન્યના દ્વાર ખખડાવ્યા હતા. રાજકોટ શહેર પોલીસે આફ્રિકા પોલીસનો સંપર્ક સાધી યુવાનને હેમખેમ છોડાવ્યો હતો. કીડનેપર્સ દ્વારા છેલ્લે રૂપિયા ૩૦ લાખના સેટલમેન્ટ સાથે યુવાનને છોડવા તૈયાર થયા હતા. જો કે, લોકેશનના આધારે આફ્રિકન પોલીસે કીડનેપર્સને રૂપિયા ૩૦ લાખ સાથે દબોચી ગુન્હો દાખલ કર્યો હતો. રાજકોટથી આફ્રિકા ગયેલ યુવાન હેમખેમ વતન પરત ફરતા પરિવારે હાંશકારો અનુભવ્યો હતો. રાજકોટના ૮૦ ફૂટ રોડ પર રહેતા કેયૂર પ્રફુલભાઈ મલ્લીનું અપહરણ થયું હતું.

કેયુર આફ્રિક ના જોનીસબર્ગમાં બિઝનેસ ટુર માટે ગયો હતો.